# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 09-04-2022

ગુજરાતના શિક્ષણ જગત વિશે સૌથી શરમજનક ઘટના અને રાજ્યના શિક્ષણ મંત્રીના મોટા મોટા દાવાના ધજાગરા નીકળતા એ રીતે આજે દસમા ધોરણનું હિન્દીનું પેપર જવાબ સાથે સીધે સીધુ અપલોડ થઈ જાય, સોશિયલ મીડિયાથી અન્ય લોકો સુધી પહોંચે અને જેમ દરેક વખતે પેપર લીક થાય, ગેરરીતિ થાય ત્યારે સરકારની તથા શિક્ષણ બોર્ડની જે રીતે ઘીસીપીટી કેસેટ છે અમે તપાસ કરશું, સંપૂર્ણ તપાસ થશે પગલાં ભરાશે અને આ ગેરરીતિનો કેસ છે પણ એક એક માર્ક આધારિત પ્રવેશની પ્રક્રિયા હોય છે ધોરણ ૧૦ પછી ધોરણ-૧૧માં પ્રવેશ હોય, ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ હોય કે પછી અન્ય ડિપ્લોમા પ્રવેશ ૧0 ધોરણના માર્ક આધારિત હોય છે આ સંજોગોમાં એજ **મોડસ ઓપરેન્ડી જે પહેલા સ્કૂલ ના પેપરો ફૂટ્યા મહેસાણા ની અંદર પણ શાળા સંકુલ મા પરીક્ષામાં પણ આમ જ થયું હતું અમદાવાદની સ્કૂલોમાં પણ આજ રીતે થયું હતું આજ દિવસ સુધી તપાસ નથી થઈ અને વિદ્યાર્થીઓ અને કારકિર્દી સાથે ચેડા** થઈ રહ્યાં છે જે કોઈ હોય એ સુનિયોજીત રીતે રમત રમી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર શિક્ષણ વિભાગને પ્રશ્ન પુછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદ, મહેસાણા શાળા સંકુલમાં પેપર ફૂટ્યા તેને આજદિન સુધી તપાસ કેમ નથી થઈ ? શાળાના પેપરો ફૂટયાં ત્યારે તેમાં whatsapp માંજ જવાબ સાથે વાયરલ થયા, youtube માં જવાબ સાથે મુકાયા હતા **આજદિન સુધી તે શિક્ષણ વ્યવસ્થાને નુકસાન કરનાર કોણ તત્વો હતા? રાજ્ય સરકાર ગેરરીતિ કરનારના નામ કેમ જાહેર કરતી નથી ?**

ગુજરાતના મહેનત કરતો ગરીબ સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે સતત રમત રમાઈ રહી છે પરીક્ષા સ્પર્ધાત્મક પરીક્ષા સરકારી નોકરીઓ માટેની ભરતી પ્રક્રિયા ના પેપર તો વારંવાર ફૂંટ્યા, એના ભાવ બોલાય હવે તો ૧૦ મા ધોરણ માટે નું પણ આ રીતે હિન્દીનું તૈયાર જવાબ સાથેનું પેપર બહાર આવી ગયું છે સરકારમાં થોડી પણ શરમ હોય તો **શિક્ષણ મંત્રીશ્રી સીધી જવાબદારી સ્વીકારી બહાર ગમે તેવા મોટા મોટા - બેફામ નિવેદન આપવાની જગ્યાએ શિક્ષણ વિભાગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે.**

હિંદીનું પેપર જે સમયે અપલોડ થયો છે તે સમયે પેપર બહાર કેવી રીતે આવ્યું ? આપણે તો સંકુલની અંદર કોઈને પ્રવેશ કરવા દેતા નથી કે પરીક્ષા કેન્દ્રની સો મીટરની અંદર કોઈ ઝેરોક્ષની દુકાન પણ ખુલ્લી રાખવાની મંજુરી નથી. સંકુલમાં બેઠેલા કોઈ વ્યક્તિએ પેપર સોલ્વ કરીને બહાર મોકલેલા છે ? કોના લાભાર્થે આખી વ્યવસ્થા થઈ હતી ? પેપરની ગેરરીતિ કરી હોય તો સ્વીકારે પેપરને લગતી વ્યવસ્થામાં ખામી છે તો એ સુધારવાનું અંગે નું કાર્ય કરે અંતે તો ગુજરાતના વિદ્યાર્થીઓનું ભવિષ્ય નો સવાલ હોય ત્યારે આ પ્રકારની ગેરરીતિ ચલાવી લેવાય નહીં.

એક વાગ્યે પરીક્ષા પૂરી થઈ એક વાગ્યે પેપર સોલ્વ થઈ ગઈ મારો પ્રશ્ન એજ અધિકારીને કહેવાનો તો એક વાગે પેપર આવ્યો અને એક મિનિટની અંદર પેપર સોલ્વ થઈ ગયું એક મિનિટ માટે પેપર સોલ્વ થઈ જતું હોય આ ત્રણ કલાકનું છે તારે અગાઉ પણ સ્પર્ધાત્મક પરીક્ષા નું વન સંરક્ષણ નું પેપર પૂછ્યું ત્યારે પણ એવું કહેવામાં આવ્યું હતું ૧૦ મિનિટની અંદર પેપર સોલ્વ કરીના આવી ગયું મને તો એવું લાગે છે ગુજરાતમાં આટલા બધા માસ્ટર માઈન્ડ ના લોકો ૧૦ મિનિટમાં પેપર સોલ્વ કરી દે બે મિનિટમાં સોલ્વ કરીને અપલોડ પણ થઈ જાય એટલે અધિકારી શ્રી ને વિનંતી કરું કે સરકાર ચાપલૂસી ભલે કરો તમારા પદ પ્રમોશન અને પ્રતિષ્ઠા માટે તમે તમારી પદ્ધતિ ચાલુ રાખો પણ, ગુજરાતના લાખો વિધ્યાર્થીઓના જીવન સાથે રમત રમવાનું બંધ કરો. એનો મતલબ પેપર કોણ બહાર લઇ ગઇ હોય સંકુલમાંથી બહાર પેપર કેવી રીતે આવ્યો સરકાર ખોટી લીપાથોપી જુઠ પર જુઠ કરવાને બદલે સાચા કોણ છે સંડોવાયેલા તત્વો એની ઉપર પગલાં ભરે કોણ સંડોવાયેલું વ્યક્તિ છે બોર્ડના અધિકારી છે કે શાળા સંકુલ નો કોઈ વ્યક્તિ છે. અંતે તો કોઈ મોટા માથા લાભાર્થે ગુજરાતના લાખો વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે રમત રમવાનો કોઈ અધિકાર નથી.

(ડૉ. મનિષ દોશી)
મુખ્ય પ્રવક્તા